NHS
Brent
Clinical Commissioning Group

# તમારી સંભાળમાં સુધારો કરવા માટે તમારી માહિતીની વહેંચણી

નોર્થ વેસ્ટ લંડન હેલ્થ એન્ડ કેર પ્રોફેશનલ્સ તમારી સંભાળ રાખવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. તેમાં સંકળાયેલા લોકો તમારા વિશે જરૂરી માહિતિ જોઇ શકે છે, જેથી તમે સંયુક્ત સંભાળ મેળવી શકો.

આનાથી એ સુનિશ્ચિત થાય છે કે જ્યારે તમે તમારા જીપી પ્રેક્ટિસ, હોસ્પિટલની મુલાકાત લો અથવા તમારી કોમ્યુનિટીમાં અથવા ઘરે મદદ મેળવો ત્યારે તમારો ઉપચાર કરનારા પ્રોફેશનલ જેવા કે તમારા જીપી, હોસ્પિટલ ડોક્ટર, ડિસ્ટ્રીક્ટ નર્સ અથવા સામાજિક કાર્યકર્તા પાસે ખરા સમયે તમારા વિશે ખરી માહિતી ઉપલબ્ધ હોય.

## ફાયદાઓ

તમે તમારા હેલ્થ એન્ડ કેર પ્રોફેશનલ સાથે તમારી માહિતી વહેંચવા અંગે વાતચીત કરી શકો છો પણ અહીં તેના કેટલાક ફાયદાઓ દર્શાવ્યા છે:

- તમારે તમારી ભૂતકાળની માહિતી માત્ર એક જ વખત જણાવવાની છે.
- તમારે બિનજરૂરી અપોઇન્ટમેંટ્સ લેવાની અને પરીક્ષણો કરાવવાની જરૂર નહીં પડે.
- તમે તમારી સંભાળ અંગેના નિર્ણયોમાં વધુ સહભાગી બની શકો છો.

Visit our website:
**integration.healthiernorthwestlondon.nhs.uk**

## ધ્યાનમાં રાખવાલાયક બાબતો

અમારો ઉદ્દેશ્ય દર્દીઓને પોતાની માહિતી વહેંચવાનો અને તેના પર નિયંત્રણ રાખવાનો અધિકાર આપવાનો છે. તમારી માહિતી વહેંચતી વખતે તમારે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઇએ:

- તમારે તમારી તમામ માહિતી વહેંચવાની જરૂર નથી; કોણ શું જોશે તે તમે નિયંત્રિત કરી શકો છો.
- જો તમે તમારી માહિતી મિત્રો કે પરિવારજનોને આપી હોય તો પણ તમારી પાસે તેઓ શું જોશે તે નિયંત્રિત કરવાનો વિકલ્પ છે.
- જો તમને તમારા રેકર્ડમાં કોઇ ભૂલ જણાય તો, જલ્દીથી તમારા સંભાળકર્તાનો સંપર્ક કરો.

## વધુ જાણકારી મેળવવા માંગો છો?

જો તમે વધુ જાણકારી મેળવવા માંગતા હો તો કૃપા કરી:

- તમને સંભાળ આપનાર તમારા હેલ્થ અથવા કેર પ્રોફેશનલ સાથે વાત કરો.
- ઈમેઇલ: **share4care@nhs.net**
- મુલાકાત લો: **www.integration.healthiernorthwestlondon.nhs.uk**

North West London
Whole Systems Integrated Care



# તમારી સંભાળને સહાય

## મારા વિશેની માહિતી કોણ કોણ જોશે?

- હેલ્થ એન્ડ સોશિયલ કેર પ્રોફેશનલ્સ જેવા કે જીપી, નર્સ અને તમારી માં પ્રત્યક્ષ રીતે સંકળાયેલા સામાજિક કાર્યકરો.
- તમારી અપોઈન્ટમેંટ્સ અથવા તમારા ઈલાજની વ્યવસ્થા કરનાર સહાયક સ્ટાફ.
- તમારી મંજૂરી લઈને, તમને શ્રેષ્ઠ સંભાળ આપી શકાય તે માટે તમારા નિદાન, સારવાર અને સંભાળ અંગે ચર્ચા કરવા માટે હેલ્થ એન્ડ સોશિયલ કેર ટીમ.

### તમારા વિશે વહેંચવામાં આવેલી માહિતીમાં સામેલ છે:

- તમારી સંભાળને અનુરૂપ તમારા સ્વાસ્થ્ય અને હિતને લગતી માહિતી.
- એનએચએસ નંબર
- ઉંમર.
- સંપર્કસૂત્ર.
- નજીકના સગા.
- દવાઓ અને એલર્જી.
- અપોઈન્ટમેંટ્સ, સારવાર અને સંભાળ.
- પરીક્ષણના પરિણામો જેવાકે બ્લડ ટેસ્ટ, લેબોરેટરી ટેસ્ટ, એક્સ-રે.

## મદદ અને સુધારાત્મક સંભાળ

નોર્થ વેસ્ટ લંડનના લોકો માટે સ્થાનિક સેવાઓનું આયોજન કરવા અને તેમાં સુધારો કરવા માટે તમારી અંગત માહિતી સિવાય કેટલીક માહિતી સુરક્ષિત રીતે હેલ્થ એન્ડ સોશિયલ કેર સંગઠનો સાથે વહેંચવામાં આવશે. તમારું નામ જાહેર કર્યા વિનાની આ માહિતી સંભાળ આપવામાં અને આયોજન કરવામાં મદદરૂપ થાય છે. અમારા દ્વારા તમને આપવામાં આવેલી સેવાઓનું નિરીક્ષણ કરવામાં પણ મદદરૂપ થાય છે.

# તમારી પસંદગીઓ

## જો તમે તમારી માહિતી વહેંચવા માટે રાજી હો

- તમારા વિશેની માહિતી તમને સંભાળ આપનારા હેલ્થ એન્ડ કેર પ્રોફેશનલ સાથે વહેંચવામાં આવે છે.
- તમારું નામ જાહેર કર્યા વિના (તમારી અંગત માહિતી જણાવ્યા વિના) આ માહિતી દરેકને માટે સ્થાનિક સેવાઓનું આયોજન કરવા અને સંભાળમાં સુધારો કરવા માટે હેલ્થ એન્ડ સોશિયલ કેર સંગઠનો સાથે વહેંચવામાં આવે છે.

### શું મારા વિશેની માહિતી સુરક્ષિત રહેશે?

તમારા વિશેની માહિતી ડેટા પ્રોટેક્શન એક્ટ 1998 હેઠળ સુરક્ષિત રહે છે.

- હેલ્થ એન્ડ સોશિયલ કેર પ્રોફેશનલ્સ તમને પ્રત્યક્ષ સેવા આપવા માટે જ તમારા વિશેની માહિતી જોઈ શકે છે.
- તમારા વિશેની માહિતી ખાનગી કંપનીઓને આપવામાં કે વેચવામાં આવશે નહીં.
- હેલ્થ એન્ડ કેર પ્રોફેશનલ્સે તમારી જાણકારી સુરક્ષિત રાખવી ફરજિયાત છે.

**જો તમે તમારી માહિતી વહેંચવા માંગતા નહો તો, કૃપા કરી તમને સંભાળ આપનાર તમારા હેલ્થ અથવા કેર સંગઠનને જણાવો.**